**શ્રી જી.આર.સોની, ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત, ભાવનગર સમક્ષ, ભાવનગર.**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૪/૨૦૦૯.**

પ્રથમ પક્ષકાર : (૧)**ચીફ ઓફિસરશ્રી,**
સાવરકુંડલા નગરપાલિકા,
સાવરકુંડલા.

E x 34
29.11.21

(૨)**પ્રાદેશિક કમિશ્નરશ્રી,**
નગરપાલિકાઓ, ભાવનગર ઝોન, મહાત્મા ગાંધી સદન,
ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળની કચેરી, બીજો માળ,
મોતીબાગ ટાઉન હોલની પાછળ,
ભાવનગર.

વિરૂધ્ધ

બીજા પક્ષકાર : તેનાં શ્રમયોગી **શ્રી અતુલભાઈ જેરામભાઈ ચુડાસમા,**
C/O. સૌરાષ્ટ્ર શ્રમિક સંઘ, પહેલા માળે,
ઓમિક કોમ્પ્લેક્ષ, પીરછલ્લા રોડ,
ભાવનગર.

વિષય : ઔધોગિક વિવાદ ધારો, ૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

પ્રતિનિધિત્વ :
પ્રથમ પક્ષકાર તરફે : વિ. વકીલ શ્રી એન.કે.જોષી,
બીજા પક્ષકાર તરફે : વિ. વકીલ શ્રી વસંતભાઈ પમનાણી,

—: એ વો ર્ડ :—

૧. હાલનો રેફરન્સ નાયબ શ્રમ આયુકતશ્રી, રાજકોટની કચેરીના તા. ૧૬—૩—૨૦૦૯ ના હુકમ ક્રમાંકઃ કે.એચ.—એચએસએમ/ સી/ ૮૧૧૮/ ઔ.વિ.રે/ ૩૯/૦૯ થી આ ઔધોગિક વિવાદ આઈ.ડી. એકટની કલમ—૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, ભાવનગરને સુપ્રત કરવામાં આવેલ છે.

૨. જે અનુસૂચિ જોઈએ તો,

"શ્રી અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાને તેમની નોકરીમાં દાખલ થયા તા. ૩૧—૯—૯૭ થી વાલ્વમેન તરીકે કાયમી કરવા કે કેમ ? તથા કાયમી કરી, કાયમી કામદારને મળતાં પગાર, ભથ્થાં તથા અન્ય

તમામ લાભો એરીયર્સ સહિત ચૂકવી આપવા કે કેમ ? " તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

૩. આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકાર નં. ૧ અને ર ને હવે પછી "પ્રથમ પક્ષકાર નં.૧ અને પ્રથમ પક્ષકાર નં. ર" તરીકે અને બીજા પક્ષકારને "બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી" તરીકે સંબોધવામાં આવશે.

૪. ત્યાર બાદ આ કેસમાં બન્ને પક્ષકારોને કોર્ટ તરફથી નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને મળી ગયેલ છે, જેનાં અનુસંધાને આંક–૭ થી અરજદાર યુનીયને તેનું માગણીનું નિવેદન રજૂ કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, સંબંધિત શ્રમયોગી અતુલભાઈ જેરામભાઈ ચુડાસમા આ કામનાં પ્રથમ પક્ષકારને ત્યાં તા. ૩૧–૯–૯૭ થી સતત અને સળંગ રીતે વાલ્વમેન તરીકે ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકારનાં નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ જાહેરાત અન્વયે તેમણે કરેલ અરજીનાં અનુસંધાને તેમનો ઈન્ટરવ્યુ લઈ તેમને પસંદ કરીને નિમણૂક આપવામાં આવેલ હતી. આ કામનાં શ્રમયોગી સામાવાળામાં ઘણાં લાંબા સમયથી કાયમીની જગ્યા ઉપર કાયમી પ્રકારનું કામ, કાયમી રીતે કરતાં હોવા છતાં તેઓને કાયમી નહિ કરીને તથા કાયમીનાં લાભોથી વંચિત રાખીને સંસ્થા ધ્વારા અનફેર લેબર પ્રેકટીસ આચરવામાં આવી રહેલ હતી. તેમની અને કાયમી કર્મચારીઓની કામગીરીનાં પ્રકાર અને પ્રમાણમાં કોઈ તફાવત નથી. કાયમી કર્મચારીઓને મળતાં પગાર ગ્રેડ તથા અન્ય લાભો આપવામાં આવે છે તેવા લાભો સંબંધિત શ્રમયોગીને આપવામાં આવતાં નથી અને તેમને ખૂબ જ ઓછું વેતન ચૂકવવામાં આવે છે. તેઓ કાયમી જેવું જ અને જેટલું જ કામ કરે છે તેમ છતાં 'સમાન કામ માટે સમાન વેતન'નાં સિધ્ધાંતનો પણ સામાવાળા ભંગ કરે છે. તેઓનો બંધારણનાં અનુચ્છેદ–૧ર મુજબ 'રાજય' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે અને અનુચ્છેદ–૧૪ અને ૧૬ મુજબ સંબંધિત શ્રમયોગીને મૂળભૂત હકકો મળવાપાત્ર છે તે પણ સામાવાળા આપતાં નથી, અને આ કર્મચારીનું ભયંકર આર્થિક શોષણ થઈ રહેલ

છે. ઉપરાંત તેઓને રોજમદાર ગણતાં હોઈને છટણીની લટકતી તલવાર સતત તેમનાં માથે ઝઝૂમતી રહે છે, તેથી આવા કર્મચારીઓ સતત માનસિક ટેન્શન નીચે પોતાની ફરજ બજાવે છે જેની અસર તેમની એફીસીયન્સી ઉપર પણ પડે છે. સેટઅપમાં પણ તેમની જગ્યા ખાલી હતી અને છે. તેમનાં જેવું જ કામ કરતાં તેમનાંથી જુનીયર કર્મચારીઓને પણ પ્રથમ પક્ષકારે કાયમી કરેલ છે. મોડેલ સ્ટેન્ડીગ ઓર્ડર્સની જોગવાઈઓ મુજબ પણ તેમને કાયમી કરવા જ જોઈએ. તાજેતરમાં જુદી જુદી ટ્રિબ્યુનલોએ તથા જુદી જુદી હાઈકોર્ટોએ તથા નામ. સર્વોચ્ચ અદાલતે અને નામ. ગુજરાત હાઈકોર્ટે તો પોતાના ચુકાદાઓમાં સ્ટ્રીકચર પાસ કરતાં જણાવેલ છે કે, સરકારે તો મોડેલ એમ્પ્લોયર બનવું જોઈએ, તેનાં બદલે તેમનાં ધ્વારા જ કર્મચારીઓનું થઈ રહેલ શોષણ અને આચરવામાં આવી રહેલ અનફેર લેબર પ્રેકટીસ બંધ થવી જ જોઈએ. આ કામનાં પ્રથમ પક્ષકાર પણ એક અર્ધસરકારી સ્વૈચ્છિક સંસ્થા છે અને બંધારણનાં અનુચ્છેદ–૧૨ મુજબ 'રાજય' ની વ્યાખ્યામાં આવી જાય છે અને તેનાં ધ્વારા જ થઈ રહેલ શ્રમયોગીનું શોષણ અને આચરવામાં આવી રહેલ અનફેર લેબર પ્રેકટીસ તાત્કાલિક અસરથી અટકાવવી જ જોઈએ. વળી, જો આ કાર્મચારીને પછીની અસરથી કાયમી કરવામાં આવે તો અત્યાર સુધી સંસ્થાએ કરેલ તેમનાં શોષણને કાયદેસરતાનો પરવાનો આપી દીધેલ ગણાય, કારણ કે, વર્ષોથી કામ કરતાં હોવા છતાં તેઓને કાયમીનાં પગાર ગ્રેડ તથા અન્ય લાભો ચૂકવવા ન પડે તેવા બદઈરાદાથી પ્રથમ પક્ષકાર તેમને કાયમી કરતાં નથી તેથી તેમને તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી જ કાયમી કરવા જોઈએ અને તે પ્રમાણેનું થતું એરીયર્સ ચૂકવી આપવું જોઈએ. જેથી તેમની આ માગણી ન્યાયી અને વાજબી છે તેમ જણાવી આ કેસમાં દાદ માગેલ છે કે, આ કેસનાં સંબંધિત શ્રમયોગીની માગણી મુજબ તેઓને તરીકે દાખલ તારીખથી કાયમી કરવા અને કાયમી કર્મચારીઓને મળવાપાત્ર પગાર ભથ્થાં અને અન્ય લાભો

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

સામાવાળા ચૂકવી આપે તેવો હુકમ કરવા તથા આ રેફરન્સ ખર્ચનાં રૂા. ૨૦૦૦/ અપાવવા દાદ માગેલ છે.

૫. ત્યાર બાદ આ કેસમાં આંક–૯ થી સામાવાળાએ તેઓનો જવાબ રજૂ કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, માગણીનાં નિવેદનમાં જણાવેલ તમામ હકીકતો ખરી નથી અને તેમને તે કબૂલ મંજૂર નથી. માગણીનાં નિવેદનમાં જણાવેલ તમામ હકીકતો ખરી નથી. અરજદારે સંબંધિત શ્રમયોગીની શૈક્ષણિક લાયકાત, અનુભવ, જન્મ તારીખ શું છે તેનાં કોઈ આધાર સંસ્થાને આપેલ નથી. સંસ્થાનાં સેટઅપમાં વાલ્વમેન/પંપમેનની કોઈ જગ્યા ખાલી નથી, સંસ્થાનું મહેકમ ખર્ચ ૪૫ % થી વધુ છે, તેમજ તેઓ માન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં નથી. સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ સારી નથી, આવક કરતાં જાવકનું પ્રમાણ વધુ છે. તેમજ સંસ્થા ઉપર ઘણું દેણું છે. કર્મચારીનાં પગાર પણ નિયમિત કરી શકતાં નથી. આ સમગ્ર પરિસ્થિતિને લીધે ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટમાં જણાવેલ જોગવાઈ પ્રમાણેની શહેરી વિકાસની જરુરિયાતો તેઓ પૂરી પાડી શકતાં નથી તેમજ સંસ્થામાં કાયમી સેટઅપમાં આવી કોઈ જગ્યા નથી અને કામ આપવા માટે તેઓ પાસે કોઈ કામ નથી તેમજ સંસ્થાને બિનજરુરી ખર્ચ કરવો પોષાય તેમ નથી. શ્રમયોગી પાછલા બારણેથી આવેલ છે. આવા કર્મચારીઓને કાયમી કરવાથી નગરપાલિકા ઉપર ખૂબ જ મોટો આર્થિક બોજો આવવાની શકયતા છે, જેથી નગરપાલિકાનું આર્થિક માળખું તૂટી પડવાની સંભાવના છે, જેથી નગરપાલિકા વિકાસનાં કામો તો નહિ કરી શકે, પરંતુ નગરમાં લોકોને પ્રાથમિક સવલતો પણ આપી શકશે નહી. તાજેતરમાં જુદી જુદી હાઈકોર્ટો તથા નામ. સર્વોચ્ચ અદાલતે પણ સંસ્થાની તરફેણમાં આવા અનેક ચુકાદાઓ આપેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટે તેનાં ચુકાદામાં જણાવેલ છે કે, ગેરકાયદેસર રીતે ભરતી થયેલ શ્રમયોગીઓને કાયદાનું રક્ષણ મળી શકે નહી. આ કામનાં સંબંધિત શ્રમયોગીઓ પાછલા બારણેથી આવેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્પે.સી.એ.નં. ૪૦૯૨/૦૧ માં ઓર્ડર કે જે ૨૦૦૪,

જી.એલ.આર. પાન–૧૮૪૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે તથા પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રીનાં આદેશોનું તેમણે પાલન કરવાનું હોય છે. તેઓની સંસ્થા ઉપર ઘણું જ દેણું છે. નિયમિત પગાર પણ કરી શકાતાં નથી. શહેરીજનોની વિકાસની જરુરિયાતો પૂરી પાડી શકાતી નથી. કાયમી સેટ અપમાં કોઈ જગ્યા ખાલી નથી. તેમની પાસે સંબંધિત શ્રમયોગીને કામ આપી શકાય તેવું કામ નથી. નગરપાલિકા નિયામકશ્રીની મંજૂરી વગર કોઈને કાયમી કરી શકાય નહીં. નગરપાલિકા નિયામકશ્રીનાં આદેશો તથા નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્પે.સી.એ. નં. ૪૦૯૨/૦૧ નાં હુકમ મુજબ તેમને કાર્યવાહી કરવાની હોઈ શ્રમયોગીને છૂટા કરવાની પરવાનગી આપવા પણ તેમણે વિનંતી કરેલ છે અને તેમ જણાવી આ કેસમાં અરજદારની માગણી ખર્ચ સહિત રદ્દ કરવા હુકમ કરવા દાદ માગેલ છે.

૬. ત્યાર બાદ આ કેસમાં આંક–૧૦ થી અરજદાર અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાએ તેમની સોગંદનામાસ્વરુપે સોગંદ ઉપર જુબાની આપેલ છે, જેની સામાવાળા તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. આંક–૧૪ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ત્રણ દસ્તાવેજો રજૂ થયેલ છે. ત્યાર બાદ બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે આંક–૧૧ ની પુરશીસ આપી તેઓનો મૌખિક પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે.

૭. ત્યાર બાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેમનાં સાહેદ લાખાભાઈ ગોગનભાઈ હૂણની આંક–૧૫ થી સોગંદનામારુપી જુબાની રજૂ થયેલ છે, જેની બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે આંક–૧૬ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી પ્રથમ પક્ષકાર સંસ્થાનાં મંજૂર થયેલ સેટઅપની નકલ રજૂ કરેલ છે.

૮. ત્યાર બાદ મારા પુરોગામી ઔદ્યોગિક ન્યાયપંચે આંક–૧૭ થી આ કામમાં ન્યાયનિર્ણય કરવા માટેનાં મુદ્દાઓ ઉપસ્થિત કરેલાં હતાં. ત્યાર બાદ બીજા

પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે આંક–૧૮ થી તેઓને કોઈ વિશેષ મૌખિક પુરાવો લેવો ન હોવાનું જાહેર કરેલ છે. ત્યાર બાદ આંક–૧૯ થી સામાવાળાએ મુદ્દા ઉમેરવા અરજી આપેલ હતી જે મંજૂર કરી આંક–૨૦ થી સુધારેલા મુદ્દા કાઢવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૨૧ થી અરજદારે મુદ્દો કમી કરવા અરજી આપેલ જેનો સામાવાળાએ આંક–૨૨ થી જવાબ આપેલ હતો જેના અનુસંધાને બન્ને પક્ષકારોને સાંભળી તા. ૨૬–૨–૧૮ નાં હુકમથી અરજદારની આ અરજી રદ કરવામાં આવેલ હતી. ત્યાર બાદ સામાવાળાએ આંક–૨૩ થી અરજી આપી નવા મુદ્દા ઉમેરવા માટે વિનંતી કરેલ, જે સામે બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે તેમનાં વાંધાઓ રજૂ કરવામાં આવેલ હતાં જે અંગે બંને પક્ષકારોને સાંભળીને તા. ૦૮–૨–૨૦૨૧ નાં રોજ એક હુકમ કરી મુદ્દા નં. ૧ થી ૧૦ ઉમેરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, ભાવનગર દ્વારા આંક–૨૭ થી એક અરજી આપી તેઓને આ કામમાં જોડવા માટે વિનંતી કરેલ હતી જે મંજૂર કરવામાં આવેલ છે અને તેઓને આ કામમાં જરુરી પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. ત્યાર બાદ પ્રથમ પક્ષકાર નં. ૨ દ્વારા તેમનો લેખિત જવાબ આંક–૨૮ થી રજૂ થયેલ છે. ત્યાર બાદ આ કેસમાં બન્ને પક્ષકારોના વિધ્વાન પ્રતિનિધિઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જે લક્ષમાં લેવામાં આવેલ છે.

૯. આ કેસમાં આંક–૨૩ થી ન્યાયનિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે :–

મુદ્દા નં. ૧ : શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, શ્રમયોગી સતત અને સળંગ ફરજ બજાવે છે ?

મુદ્દા નં. ૨ : શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, શ્રમયોગીની ભરતી સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ જાહેરાત અન્વયે અને અરજી અનુસંધાને, ઈન્ટરવ્યુ લઈ, સીલેકટ કરી, ભરતીની પ્રક્રિયા ધ્વારા નિમણૂક આપવામાં આવેલ છે ?

મુદ્દા નં. ૩ : શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, શ્રમયોગી કાયમીની જગ્યા ઉપર, કાયમી પ્રકારનું કામ, કાયમી રીતે કરે છે ?

મુદ્દા નં. ૪ : શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, સેટઅપમાં શ્રમયોગીની જગ્યા પ્રથમથી જ ખાલી હતી અને છે ?

મુદ્દા નં. ૫ : શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, શ્રમયોગી જેવું જ કામ કરતા તેમનાંથી જુનીયર કર્મચારીને સંસ્થાએ કાયમી કરેલ છે ?

મુદ્દા નં. ૬: શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, મોડેલ સ્ટેન્ડીગ ઓર્ડર્સની જોગવાઈઓ સંસ્થાને લાગુ પડે છે ?

મુદ્દા નં. ૭ : શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, ધી ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એકટની જોગવાઈ પ્રમાણે પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ તથા સરકારશ્રીની મંજૂરી વગર કોઈની ભરતી કે બઢતી કરવાની સંસ્થાને કોઈ સત્તા નથી ?

મુદ્દા નં. ૮ : શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, ભરતી/ બઢતી માટે ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં તા. ૪–૯–૨૦૧૨ નાં ઠરાવથી પસંદગી સમિતિને અધિકાર આપવામાં આવેલ છે ?

મુદ્દા નં. ૯: શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ સારી નથી અને ઘણું દેણું છે અને આવક કરતાં જાવકનું પ્રમાણ વધુ છે ?

મુદ્દા નં. ૧૦: શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, સંસ્થાનું મહેકમ ખર્ચ ૪૫ % થી વધુ છે ?

મુદ્દા નં. ૧૧ :શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, શ્રી અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાને તેમની નોકરીમાં દાખલ થયા તા. ૩૧–૯–૯૭ થી વાલ્વમેન તરીકે કાયમી કરવા કે કેમ ? તથા કાયમી કરી, કાયમી કામદારને મળતાં પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહિત ચૂકવી આપવા કે કેમ ?

મુદ્દા નં.૧૨ : શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, આ ઔદ્યોગિક વિવાદને સમયમર્યાદાનો બાધ નડે છે ?

મુદ્દા નં. ૧૩ : શું હુકમ ?

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

૧૦. ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા તારણો નીચે મુજબ છે :

<u>તારણો :</u>

મુદ્દા નં. (૧) હકારમાં,

મુદ્દા નં. (૨) હકારમાં,

મુદ્દા નં. (૩) હકારમાં,

મુદ્દા નં. (૪) હકારમાં,

મુદ્દા નં. (૫) નકારમાં,

મુદ્દા નં. (૬) હકારમાં,

મુદ્દા નં. (૭) અંશતઃ હકારમાં,

મુદ્દા નં. (૮) હકારમાં,

મુદ્દા નં. (૯) હકારમાં,

મુદ્દા નં. (૧૦)હકારમાં,

મુદ્દા નં. (૧૧)હકારમાં,

મુદ્દા નં. (૧૨)નકારમાં,

મુદ્દા નં. (૧૩)આખરી હુકમ મુજબ.

૧૧. ઉપરોકત તારણો ઉપર આવવાનાં મારા કારણો નીચે મુજબ છે :—

**કારણો :**

૧૨. મુદ્દા નં. ૧ થી ૧૨ :

મુદ્દા નં. ૧ થી ૧૨ અંગે જોઈએ તો, આ તમામ મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલ હોઈ આ તમામ મુદ્દાઓનો ન્યાયનિર્ણય એક સાથે કરવામાં આવે તો, હકીકતોનું પુનરાવર્તન રોકી શકાય તેમ હોઈ આ તમામ મુદ્દાઓનો એક સાથે ન્યાયનિર્ણય કરવામાં આવે છે. જે મુજબ આ કેસમાં જોઈએ તો, આ કેસમાં અરજદાર યુનીયને સંબંધિત શ્રમયોગી શ્રી અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાને તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી સામાવાળા સંસ્થામાં કાયમી કરવા તથા કાયમીને મળતાં તમામ લાભો મેળવવા હાલનો આ ઓદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે. તેઓએ તેમની માગણીનું નિવેદન આંક—૭ થી રજૂ કરેલ છે, તેમજ

તેઓએ તેમનાં કેસનાં સમર્થનમાં આંક–૧૦ થી અરજદાર અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાએ તેમની સોગંદનામાસ્વરુપે સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ".....અમો પ્રથમ પક્ષકારને ત્યાં તા. ૩૧–૯–૯૭ થી વાલ્વમેન/ પંપમેન તરીકે ફરજ બજાવીએ છીએ. પ્રથમ પક્ષકારનાં નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ જાહેરાતનાં અનુસંધાને અમોએ અરજી કરતાં, અમારો ઈન્ટરવ્યુ લઈને અમોને પસંદ કરીને કામે લેવામાં આવેલ. દાખલ તારીખથી આજ તારીખ સુધી અમારી નોકરી સળંગ છે. અમોને હાજરી કાર્ડ કે પગાર ચિઠ્ઠી આપતાં નથી. અમારી હાજરી, હાજરીપત્રકમાં પૂરવામાં આવે છે. આ હાજરીપત્રકો પ્રથમ પક્ષકારનાં કબજામાં રહે છે. અમોને હાજરીપત્રકની નકલ આપવામાં આવતી નથી. અમો જે જગ્યાએ કામ કરીએ છીએ તે જગ્યા કાયમી પ્રકારની છે. અમારી કામગીરી પણ કાયમી પ્રકારની છે. અમારી અને કાયમી કામદારોની કામગીરીનાં પ્રકાર અને પ્રમાણમાં કોઈ તફાવત નથી. અમારી જગ્યા સેટઅપમાં ખાલી છે અને હતી. અમોને હાલ દૈનિક રૂ. ૧૧૦/ પગાર ચૂકવવામાં આવે છે જે લઘુત્તમ વેતન કરતાં પણ ઓછો છે. જયારે કાયમી કામદારને માસિક રૂ. ૮,૦૦૦/ પગાર ચૂકવવામાં આવે છે. ઉપરાંત કાયમી કામદારોને મળતાં અન્ય કોઈ પણ લાભો અમોને આપતાં નથી. આમ, વર્ષોથી કામ કરતાં હોવા છતાં, અમોને કાયમીનાં પગારગ્રેડ તથા અન્ય લાભો ચૂકવવા ન પડે તેવા બદઈરાદાથી પ્રથમ પક્ષકાર અમોને કાયમી કરતાં નથી. પ્રથમ પક્ષકાર ધ્વારા અમારી જેમ પ્રથમ રોજમદાર તરીકે કામે રાખ્યા બાદ અનેક કામદારોને પાછળથી કાયમીનાં લાભ આપવામાં આવે છે તેવા અનેક કામદારો હાલનાં કામે ચાલુ છે. કેટલાંકને તો પ્રમોશન પણ આપવામાં આવેલ છે. અમોને નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી કરવા તથા કાયમીનાં પગારગ્રેડ આપવા અને તે પ્રમાણે થતું એરીયર્સ ચૂકવી આપવાની અમારી માગણી છે....." તેમ જણાવેલ છે. તેમની ઉલટ તપાસ જોઈએ તો, તેમાં તેઓ જણાવે છે કે, "....... સંસ્થામાં હું રોજમદાર

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

વાલ્વમેન અને પંપમેન તરીકે કામ કરું છું. મારેપંપ ચાલુ બંધ કરવાનાં, વાલ્વ ચાલુ બંધ કરવાનાં રહે. એ વાત ખરી છે કે, દરેક વિસ્તાર પ્રમાણે દરેક રોજમદારને આવી કામગીરી ફાળવેલ હોય. એ વાત ખરી નથી કે, સાવરકુંડલામાં મહી નદીનું પાણી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, સાવરકુંડલામાં મહી પરીયોજનાની પાઈપલાઈન છે. એ વાત ખરી નથીકે, મહીપરી યોજના પાઈપ લાઈનમાં મહી નદીનું પાણી આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે, મરીપરી યોજનાનું પાણી પાઈપલાઈનમાં આવતું નથી તે હું ખોટું જણાવું છું. હું સાત ધોરણ પાસ છું. મેં વાલ્વમેન કે પંપમેનનો શૈક્ષણિક કોર્ષ કરેલ નથી. હું સંસ્થામાં દાખલ થયેલ હોય ત્યારે છાપામાં જાહરોત આવેલ હોય, હું મેં અરજી કરેલહોય કે રોજગાર વિનિમય કચેરી ધ્વારા મારું નામ મંગાવેલ હોય કે મને કામે રાખેલ હોય તેવું બનેલ નથી. મેં સંસ્થાનું મંજૂર થયેલ સેટઅપ જોયેલ નથી. સંસ્થામાં વાલ્વમેન, પંપમેનનું સેટઅપ મંજૂર થયેલ નથી તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, રોજમદાર અને કાયમી કર્મચારીની કામગીરીમાં મોટો તફાવત છે. એ વાત ખરી નથી કે, જી.ઈ.બી.એ સંસ્થાનું કનેકશન ઘણી વખત કાપી નાંખે છે. મારા વિસ્તાર સિવાયનાં અન્ય વિસ્તારનાં પાણી પુરવઠાનાં પાણીનાં કનેકશન જી.ઈ.બી.એ કાપી નાખ્યા હોવાની મને ખબર નથી. કાયમી કર્મચારીને માસિક પગાર કેટલો મળે છે તે મેં એકાઉન્ટ દફતરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, કાયમી કર્મચારીને ચોથું પગારપંચ ચૂકવાય છે. એ વાત ખરી છે કે, આંક–૧૦ નાં મારા લેખિત સોગંદનામાનાં પારા–૨ માં જણાવેલ હકીકત મેં મારા માગણીનાં નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, મેં આ ખોટી માગણી કરેલ છે......." તેમ જણાવેલ છે. અરજદારે તેઓની આ સોગંદ ઉપરની જુબાની ધ્વારા તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. આ ઉપરાંત અરજદારે તેઓનાં કેસનાં સમર્થનમાં સોગંદ ઉપરની જુબાનીમાં તેઓની નોકરીમાં દાખલ તારીખ ૩૧–૯–૯૭ દર્શાવેલ છે, અને તેઓ વાલ્વમેન/ પંપમેન તરીકે પ્રથમ પક્ષકારમાં દાખલ થયા તારીખથી

INDUSTRIAL TRIBUNAL • BHAVNAGAR

સતત અને સળંગ કામ કરતાં હોવાનું જણાવેલ છે. આમ, અરજદારની સોગંદ ઉપરની જુબાની તથા તેમણે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી એ હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે કે, અરજદાર સામાવાળામાં વાલ્વમેન/ પંપમેન તરીકે તા. ૩૧–૯–૯૭ થી ફરજ બજાવે છે.

૧૩. આમ, અરજદારે તેઓની સોગંદ ઉપરની જુબાની ધ્વારા તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેમણે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે તેઓ તા. ૩૧–૯–૯૭ થી વાલ્વમેન/ પંપમેન તરીકે સામાવાળામાં ફરજ બજાવે છે. તેમણે સતત અને સળંગ કામગીરી કરેલ છે. તેઓની આ સોગંદ ઉપરની જુબાનીની વિરુધ્ધમાં સામાવાળાએ કોઈ દસ્તાવેજી પુરાવાઓ આ કેસમાં રજૂ કરેલ નથી કે જુબાનીમાં જણાવેલ હકીકતોનું ખંડન કરતાં કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.

૧૪. કાયદાકીય પરિસ્થિતિ પ્રમાણે નામ. સુપ્રિમ કોર્ટનાં ચુકાદા મુજબ પણ શ્રમયોગીનાં નોકરી પરત્વેનાં તમામ દસ્તાવેજી પુરાવાઓ માલિકનાં કબજામાં હોય અને માલિકે તેનાં કબજામાંથી તે દસ્તાવેજો રજૂ કરી અરજદારનો કેસ ખોટો છે તેમ પુરવાર કરવાનું હોય છે, પરંતુ આ કેસમાં સામાવાળાએ અરજદારની નોકરી પરત્વેનાં તેનાં હાજરીપત્રકો, પગારપત્રકો આ કેસમાં રજૂ કરેલ નથી, જેથી તેમનાં વિરુધ્ધનું અનુમાન દોરી શકાય તેમ છે અને અરજદારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે તેઓ તા. ૩૧–૯–૯૭ થી વાલ્વમેન/ પંપમેન તરીકે નોકરીમાં દાખલ થયેલ છે, અને તેઓની કામગીરી સતત અને સળંગ છે અને તેમણે સતત અને સળંગ ફરજ બજાવેલ છે તે સોગંદ ઉપરની હકીકતો નહિ માનવાને કોઈ કારણ નથી અને તે રીતે અરજદારે તેનો આ કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે.

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

૧૫. સામાવાળાએ તેનાં જવાબમાં જે જે તકરારો ઉપસ્થિત કરેલ છે તે તકરારોનાં સમર્થનમાં તેમણે કોઈ દસ્તાવેજી પુરાવાઓ આ કેસમાં રજૂ કરેલ નથી.

તેમનાં સાહેદ લાખાભાઈ ગોગનભાઈ હૂણની આંક–૧૫ ની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તેમણે તેમની સરતપાસમાં તેઓનાં જવાબમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો રજૂ કરેલ છે, પરંતુ તેઓની ઉલટ તપાસ જોઈએ તો, તેમાં તેમણે કબૂલ કરેલ છે કે, "......એ વાત ખરી છે કે, આ કામનાં અરજદાર અમારે ત્યાં વાલ્વમેન તરીકે ફરજ બજાવે છે. તેઓ તા. ૩૧–૯–૯૭ થી ફરજ બજાવે છે કે કેમ ? તેની મને ખબર નથી. અરજદારને મેં કામે રાખેલ નથી. અરજદારને કોણે અને કેવી રીતે કામે રાખેલ તેની મને અંગત જાત માહિતી નથી. હું રેકર્ડ આધારે જુબાની આપું છું. અરજદારને કોઈ લેખિત નિમણૂક હુકમ આપેલ નથી. સામાવાળાએ રોજમદારોને કઈ રીતે નોકરીમાં રાખવા તેનાં કોઈ નિયમો બનાવેલ નથી. રોજમદારમાંથી કાયમી કેમ કરવા તેનાં કોઈ નિયમો બનાવેલ નથી. ગુજરાત મ્યુ. એકટ–૧૯૬૩ માં રોજમદારને કઈ રીતે કાયમી રાખવા અને રોજમદારમાંથી કઈ રીતે કાયમી કરવા તે અંગે કોઈ નિયમ નથી. એ વાત ખરી છે કે, મેં સોગંદનામામાં ભરતીની જે પ્રક્રિયા જણાવેલ છે તે કાયમી કર્મચારીની ભરતીની પ્રક્રિયા છે. આ ભરતીની પ્રક્રિયા સંસ્થાએ કરવાની હોય છે. એ વાત મારી જાણમાં નથી કે, સામાવાળી સંસ્થામાં એક પણ વાલ્વમેનની ભરતી ઉપરોકત ભરતીની પ્રક્રિયા કરી કરેલ છે કે કેમ ? હાલ અમારી સંસ્થામાં કેટલાં કાયમી વાલ્વમેન છે તેનો ચોકકસ આંકડો મને ખબર નથી. મને માર્ક–૧૧/૨ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, સંસ્થામાં ૧૩ કાયમી વાલ્વ ઓપરેટર છે. એ વાત ખરી છે કે, વાલ્વમેન, વાલ્વ ઓપરેટર, બોર ઓપરેટર, પંપમેન વગેરે જગ્યાઓ એક જ પ્રકારની જગ્યાઓ છે. કામગીરી પ્રમાણે તેનાં નામ હોય છે. એ વાતની મને ખબર નથી કે, આ તમામને રોજમદારમાંથી કાયમી કરવામાં આવેલ છે. અમારે ત્યાં બોર આધારિત પાણી વ્યવસ્થા છે. કુલ બોર ૩૯ છે. એક બોર એક કલાક ચાલે. બોરમાંથી પાણી ડાયરેકટ વિતરણ થાય છે. અમુકમાં સમ્પમાં ભેગું કરી વિતરણ થાય છે. એ વાત ખરી નથી કે, જે બોરમાંથી ડાયરેકટ

INDUSTRIAL TRIBUNAL • BHAVNAGAR

વિતરણ થાય તે બોર ચોવીસ કલાક ચાલુ હોય. બોરમાંથી પાણી ખેંચવા માટે પંપ ફીટ કરેલાં હોય છે. પંપ ચાલુ બંધ કરે તેને પંપમેન કહેવાય. એ વાત ખરી છે કે, આ બોરમાંથી પાણી ખેંચી તેને શહેરમાં પાઈપલાઈનથી વિતરણ થાય. એ વાત ખરી છે કે, આ પાઈપ લાઈનમાં પાણી વિતરણનો અલગ અલગ સમય હોય છે. આ વિતરણ માટે પાઈપલાઈનમાં વાલ્વ ફીટ કરેલ હોય છે. એ વાત ખરી છે કે, આ વાલ્વ ખોલવા અને બંધ કરવા વાલ્વમેનને રાખવામાં આવે છે. પાણી વિતરણની કામગીરી નગરપાલિકાની મુખ્ય કામગીરી છે. અરજદારને કાયમી કરવા માટે સંસ્થાએ કોઈ પ્રયત્ન કરેલ નથી, કારણ કે, કોઈ જોગવાઈ સેટઅપમાં નથી. એ વાત ખરી નથી કે, અરજદાર રોજમદારનાં ઓછા પગારમાં કાયમી જેટલું કામ કરતાં હોઈ તેને જાણી જોઈને કાયમી કરવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. વાલ્વમેનનું સેટઅપ મંજૂર કરવા નગરપાલિકાએ કોઈ ઠરાવ કરેલ છે કે કેમ ? કે સરકારશ્રીમાં કોઈ દરખાસ્ત કરેલ છે કે કેમ ? તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે, અરજદારથી જુનીયરોને કાયમી કરેલ છે. એ વાત ખરી છે કે, વાલ્વમેનની કામગીરી નગરપાલિકાની રુટિન કામગીરી છે. અમારે ત્યાં રોજમદાર વાલ્વમેનને આઠ કલાક કામ કરવાનું હોય છે અને કાયમીએ પણ આઠ કલાક કામ કરવાનું હોય છે. રોજમદાર વાલ્વમેનની કામગીરી તથા કાયમી વાલ્વમેનની કામગીરીમાં કોઈ તફાવત નથી. અરજદારની હાજરી મસ્ટરમાં પૂરવામાં આવે છે. તે મસ્ટર નગરપાલિકાનાં કબજામાં હોય છે. આ મસ્ટરની દર મહિને કામદારને નકલ આપવામાં આવતી નથી. અરજદારે કયા વર્ષમાં કેટલાં દિવસ કામ કરેલ છે તે હું કહી શકું નહી. એ વાત ખરી નથી કે, અરજદારની દાખલ તારીખથી આજ દિવસ સુધીની નોકરી અઠવાડિક રજા સિવાય સળંગ છે. એ વાત ખરી નથી કે, મેં મારા સોગંદનામામાં સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાનું, આવક કરતાં જાવક વધારે હોવાનું અને કામદારોનાં પગારો પણ કરી શકાતું હોવાનું ખોટું જણાવું છું. અમારે ત્યાં વાલ્વમેનની શૈક્ષણિક લાયકાત નકકી

થયેલ નથી......" તેમ જણાવેલ છે. આમ, સામાવાળાની આ સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તેઓ તેનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

૧૬. આ ઉપરાંત પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે રજૂ થયેલ દસ્તાવેજો જોઈએ તો, તેઓએ આ કેસમાં આંક–૧૪ નાં દસ્તાવેજી પુરાવા સાથે તેનાં બાકી દેવાનાં પત્રકની નકલ રજૂ કરેલ છે. આંક–૧૪ નાં દસ્તાવેજી પુરાવા સાથે તેમણે તા. ૨૪–૧૧–૨૦૦૯ ની સ્થિતિ દર્શાવતાં સેટઅપની નકલ રજૂ કરેલ છે, જેમાં જોઈએ તો, ક્રમ નં. ૩૫ થી પંપ હાઉસ ઓપરેટરની કુલ બે જગ્યાઓ મંજૂર થયેલ છે જે પૈકી ૧ જગ્યા ઉપર હાલમાં સેટઅપ માટેનાં કાયમી કર્મચારી કામ કરે છે, અને એક જગ્યા ખાલી હોવાનું જણાવેલ છે, જયારે વાલ્વ ઓપરેટરની એક પણ જગ્યા મંજૂર થયેલ નથી, પરંતુ ૧૩ જગ્યાઓ ભરાયેલી હોવાનું જણાવેલ છે. જયારે બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે આંક–૧૪ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી તા. ૨૨–૧–૨૦૦૪ નો તથા તા. ૧–૬–૨૦૧૦ નાં એમ બે ઠરાવો કે જે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર ઘ્વારા જારી કરવામાં આવેલ છે તેની નકલો રજૂ કરેલ છે, જે ઠરાવો પૈકીનાં તા. ૨૨–૧–૨૦૦૪ નાં ઠરાવમાં જણાવેલ છે કે, પંપમેન દરેક પંપ દીઠ–૧ ની જગ્યા મંજૂર કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, જયારે તા. ૧–૬–૨૦૧૦ નાં સદરહુ વિભાગનાં ઠરાવમાં પંપમેનની કોઈ પણ જગ્યા મંજૂર કરવામાં આવેલ નથી, પરંતુ ઠરાવનાં પારા–૮ માં ઠરાવવામાં આવેલ છે કે, પંપમેનની પંપ દીઠ ૧ ની જોગવાઈ નાબૂદ કરવામાં આવે છે, નગરપાલિકાની આર્થિક સ્થિતિ તેમજ જરુરિયાત મુજબ નિયામકશ્રી, નગરપાલિકાની પરવાનગી મેળવ્યા બાદ ફીકસ પગાર/ લઘુત્તમ વેતન/ આઉટ સોર્સીંગથી આ જગ્યાઓ ભરવાની રહેશે તેમ ઠરાવેલ છે. ઉપરોકત હકીકત જોતાં હાલનાં કેસનાં બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી ફરજ બજાવે છે, તેઓ પંપમેનની સેટઅપમાં મંજૂર થયેલ કુલ–૨ જગ્યાઓ પૈકી એક જગ્યા કે જે તા. ૨૪–૧૧–૨૦૦૯ ની

સ્થિતિએ ખાલી છે તે સેટઅપમાં મંજૂર થયેલ જગ્યાઓ પૈકીની એક ખાલી જગ્યા ઉપર નિમણૂક મેળવવા માટે હકકદાર ઠરતાં હોવાનું જણાય છે. આમ, આ તમામ દસ્તાવેજો જોઈએ તો, આ દસ્તાવેજો ઉપરથી પણ સામાવાળા તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

૧૭. આ કેસમાં અરજદારે તેઓની સોગંદ ઉપરની જુબાની તથા સામાવાળાનાં સાહેદની સોગંદ ઉપરની જુબાની દ્વારા તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. અરજદારે તેઓની જુબાની દ્વારા પુરવાર કરેલ છે કે, તેઓ સામાવાળામાં ઘણાં વર્ષોથી એક જ જગ્યા ઉપર ફરજ બજાવે છે અને તેઓ કાયમી જગ્યા ઉપર ફરજ બજાવતાં હોવા છતાં તેમને કાયમી કરવામાં આવેલ નથી અને સામાવાળાનાં સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં પણ જણાવેલ છે કે, તેઓ જે જગ્યા ઉપર વર્ષોથી રોજમદારી ધોરણે ફરજ બજાવે છે તે કાયમી જગ્યા છે. આ કામમાં આંક–૧૪ નાં લીસ્ટ સાથે રજૂ થયેલ મંજૂર થયેલ સેટઅપની નકલ જોઈએ તો, તેમાં વાલ્વમેન/ પંપમેનની કોઈ જગ્યા મંજૂર થયેલ નથી, તેમ છતાં વાલ્વમેન/ પંપમેનની સમકક્ષ જગ્યા જેવી કે, પંપહાઉસ ઓપરેટર અને વાલ્વ ઓપરેટરની જગ્યા ઉપર અનુક્રમે ૧ અને ૧૩ કર્મચારીઓ ફરજ બજાવે છે. આ ૧૪ જગ્યાઓ કઈ રીતે ભરેલ છે અને આ ૧૪ કર્મચારીઓને કઈ રીતે કાયમી કરેલ છે તેવી કોઈ હકીકત સામાવાળાનાં સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. આ ૧૪ કર્મચારીઓ પત્રકમાં જણાવ્યા પ્રમાણે એવોર્ડથી કાયમી કરવામાં આવેલ હોય તો પણ ત્યાર બાદ સામાવાળા સંસ્થાએ વાલ્વમેન/ પંપમેનનું સેટઅપ મંજૂર કરાવવાની કોઈ દરકાર કરેલ નથી, જે સંસ્થાની સંપૂર્ણ બેદરકારી દર્શાવે છે. તે સંજોગોમાં અરજદાર આટલા લાંબા સમયથી આ જગ્યા ઉપર ફરજ બજાવતાં હોઈ અને તેમને કાયમી નહિ કરી કે તે જગ્યાઓ સેટઅપમાં મંજૂર કરાવવાની કોઈ કાર્યવાહી કરી નથી તે સંસ્થાની ગંભીર પ્રકારની બેદરકારી ગણાય તેમ અમારું નમ્રપણે માનવાનું થાય છે, અને અરજદારને આટલા લાંબા સમય સુધી રોજમદાર

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

તરીકે રાખવામાં આવેલ છે અને સામાવાળા ધ્વારા તેમને કાયમી કરવામાં આવતાં નથી અને તે રીતે સામાવાળા ધ્વારા અનફેર લેબર પ્રકેટીસ આચરવામાં આવી રહેલ છે. અનફેર લેબર પ્રેકટીસ અંગે જોઈએ તો, ઓદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨ (આર–એ) માં અયોગ્ય મજૂર પ્રથાની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે :–

> કલમ–૨(આર–એ) ગેરવાજબી મજૂર પ્રથા એટલે પાંચમી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ પ્રથાઓ પૈકીની કોઈ પણ પ્રથા.

૧૮. જે મુજબ પાંચમી અનુસૂચિની અયોગ્ય મજૂર પ્રથામાં માલિકો અને શ્રમયોગીનાં ટ્રેડ યુનીયનનાં પક્ષે અયોગ્ય મજૂર પ્રથાની વ્યાખ્યા આપવામાં આવેલ છે. તે પૈકીનાં અનુક્રમ નં. ૧૦ માં દર્શાવવામાં આવેલ છે કે, શ્રમયોગીને બદલી અથવા હંગામી કામે રાખવા અને કાયમી શ્રમયોગીઓનાં સ્થાન અને વિશેષાધિકારોથી વંચિત રાખવાનાં ઉદ્દેશથી તે તરીકે વર્ષો સુધી તેઓને ચાલુ રાખવા તેને અયોગ્ય મજૂર પ્રથા એટલે માલિક ધ્વારા આચરવામાં આવતી અનફેર લેબર પ્રેકટીસ ગણવામાં આવેલ છે.

૧૯. તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલત તથા જુદી જુદી હાઈકોર્ટોએ આ પ્રમાણે અનફેર લેબર પ્રેકટીસ માલિક તરફે આચરવામાં આવતી હોય તો, તેવા સંજોગોમાં તેવી અનફેર લેબર પ્રેકટીસ દૂર કરી, તે મુજબ વર્ષોથી કાયમી જગ્યા ઉપર કામ કરતા રોજમદાર કર્મચારીઓને કાયમી કરવા જોઈએ અને તેઓ કાયમી થવાને હકકદાર છે તે મુજબનાં ચુકાદાઓ આપેલ છે. જે ચુકાદાઓ મુજબ તથા આ કેસમાં રજૂ થયેલ સોગંદ ઉપરની જુબાની તથા દસ્તાવેજો ઉપરથી અરજદારે તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. તેઓએ એ હકીકત પણ પુરવાર કરેલ છે કે, તેઓ તા. ૩૧–૯–૯૭ થી સામાવાળામાં ફરજ બજાવે છે. તેમની આ હકીકતોની વિરુધ્ધમાં સામાવાળા તરફે કોઈ લેખિત પુરાવાઓ રજૂ કરેલ નથી કે રજૂ કરેલી સોગંદ ઉપરની હકીકતોનું ખંડન કરેલ નથી કે તેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ

કરેલ નથી તે સંજોગોમાં તેમની આ દાખલ તારીખ નહિ માનવાને કોઈ કારણ નથી. તે સંજોગોમાં અરજદારની આ માગણી મંજૂર કરવાનો હુકમ કરવો મને વાજબી અને ન્યાયી જણાય છે.

૨૦. આ કેસમાં ન્યાયનિર્ણય માટે મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે તે મુદ્દાઓ અંગે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે જોઈએ તો, સામાવાળા સંસ્થાએ પુરવાર કરેલ છે કે, તેમની નાણાંકીય પરિસ્થિતિ સારી નથી, કારણ કે આંક–૧૪ થી નગરપાલિકાની જવાબદારીઓની વિગતો દર્શાવતું પત્ર જોઈએ તો તેમાં કુલ રૂ. ૪૮,૨૯,૬૨,૯૩૮/ નું જંગી દેવું થયેલ છે, વળી, સંસ્થાનું મહેકમ ખર્ચ ૪૫ % થી વધુ છે. તેમણે એ હકીકત પુરવાર કરેલ નથી કે, તેમને ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટની જોગવાઈઓ પ્રમાણે પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ તથા સરકારશ્રીની મંજૂરી વગર કોઈની ભરતી કે બઢતી કરવાની તેમને કોઈ સત્તા નથી તેમજ તેમણે એ હકીકત પણ નિઃશંકપણે પુરવાર કરેલ નથી કે, આ ઔદ્યોગિક વિવાદને સમયમર્યાદાનો બાધ નડે છે. જયારે આ કેસમાં ઉપર ચર્ચા કર્યા પ્રમાણે અરજદારે તેમની જુબાની તથા દસ્તાવેજો ધ્વારા તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે.

૨૧. નામ. સર્વોચ્ચ અદાલતે સિવિલ અપીલ નં. ૬૭૯૫/૨૦૧૩ આસિસ્ટન્ટ એન્જીનીયર રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીગ બોર્ડ વિ. મોહનલાલનાં ચુકાદામાં પારા–૨૦ માં સ્પષ્ટ ઠરાવેલ છે કે :–

> "20. We are clearly of the view that though Limitation Act, 1963 is not applicable to the reference made under the I.D.Act, but delay in raising industrial dispute is definitely an important circumstance which the Labour Court must keep in view at the time of exercise of discretion irrespective of whether or not such objection has been raised by the other side. The legal position laid down by this Court in Gitam Singh that before exercising its

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

> judicial discretion, the Labour Court has to keep in view all relevant factors including the mode and manner of appointment, nature of employment, length of service, the ground on which termination has been set aside and the delay in raising industrial dispute before grant of relief in an industrial dispute, must be invariably followed."

૨૨. બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગીનાં વિધ્વાન વકીલ શ્રી વી.જે.પમનાણીએ મારી સમક્ષ તાજેતરનાં જ નામ. સર્વોચ્ચ અદાલતનાં ૨૦૧૯, ૩, સી.એલ.આર. પાન–૬૩૯, પાંડુરંગ સીતારામ જાધવ અને બીજાઓ વિ. મહારાષ્ટ્ર રાજયનાં ડેરી મેનેજર અને બીજાઓનાં કેસ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાનો ઉલ્લેખ કરી તેમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિધ્ધાંત મુજબ રેફરન્સ મોડો કરેલ હોય તો તે બાબત શ્રમયોગીનાં કાયમી થવાનાં માર્ગમાં ન આવે તે અંગે રજૂ કરેલ ચુકાદો અત્રે વંચાણમાં લેવો જરુરી છે જે નીચે મુજબ છે :–

> "12. In view of the aforesaid facts as also the legal pronouncements made subsequently, we have no doubt that these appellants before us would be entitled to the benefit of regularization and mere delay in preferring the claim would not come in their way……"

૨૩. ઉપરોક્ત ચુકાદામાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિધ્ધાંત હાલનાં કેસને પણ લાગુ પાડી શકાય તેમ છે કારણ કે, હાલનાં કેસની હકીકતો પણ ઉપરોક્ત કેસનાં જેવી જ છે. આમ, હાલનાં બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગીએ બાર વર્ષ રેફરન્સ કેસ મોડો કરેલ છે જે હકીકત તેમને કાયમી કરવાનાં કોઈ લાભથી વંચિત કરવાનાં આડે આવી શકે નહી તેમ અમારું નમ્રપણે માનવાનું થાય છે. તેથી હાલનાં સંબંધિત શ્રમયોગીનાં આ રેફરન્સને સમયમર્યાદાનો કોઈ પણ પ્રકારનો બાધ નડતો નથી તે હકીકત પુરવાર થાય છે.

૨૪. વધુમાં નામ. સર્વોચ્ચ અદાલતનાં ૨૦૧૯, ૩, સી.એલ.આર. પાન–૬૩૯, પાંડુરંગ સીતારામ જાધવ અને બીજાઓ વિ. મહારાષ્ટ્ર રાજયનાં ડેરી મેનેજર અને બીજાઓનાં ઉપરોકત કેસમાં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે :–

> "9. The aforesaid aspect and the judgements stand further clarified and elucidated in Maharashtra State Road Transport Corporation and Anr. v. Casteribe Rajya Parivahan Karmachari Sanghtana, (2000) 8, SCC 556. The said judgement of this Court deals with a State Act and opined that the powers of the Industrial and Labour Court are wide which concludes the issue of according permanent employment affected by the unfair labour practice. Such power was not to be affected by Umadevi's case (supra) as that was a case limited to the scope of powers being exercised under Articles 32and 226 of the Constitution of India for regularization and matter of public importance."

૨૫. ઉપર મુજબ જોઈએ તો નામ. સુપ્રિમ કોર્ટે એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ઔદ્યોગિક ન્યાયપંચ અને શ્રમ અદાલતને આપવામાં આવેલ સત્તાને ઉમાદેવીનાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો અસર કરતાં નથી. કોઈ પણ ઔદ્યોગિક વિવાદનો ન્યાયનિર્ણય કરતી વખતે ઔદ્યોગિક ન્યાયપંચે તમામ સુસંગત મુદ્દાઓ લક્ષમાં લેવા જોઈએ અને તે તમામ મુદ્દાઓ સાથે વિલંબનો મુદ્દો પણ લક્ષમાં લઈ તે મુજબ દાદમાં યોગ્ય લાગે તેવી દાદ આપી શકાય છે.

૨૬. આ મુજબ જોઈએ તો નામ. સુપ્રિમ કોર્ટે એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કોઈ પણ ઔદ્યોગિક વિવાદનો ન્યાયનિર્ણય કરતી વખતે ઔદ્યોગિક ન્યાયપંચે તમામ સુસંગત મુદ્દાઓ લક્ષમાં લેવા જોઈએ અને તે તમામ મુદ્દાઓ સાથે વિલંબનો મુદ્દો પણ લક્ષમાં લઈ તે મુજબ દાદમાં યોગ્ય લાગે તેવી દાદ આપી શકાય છે. જે મુજબ આ કેસમાં જોઈએ તો, આ કેસમાં અરજદારનો આ રેફરન્સ કેસ તા. ૧૬–૩–૨૦૦૯ નાં રોજ ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાયનિર્ણય માટે રીફર કરવામાં

આવેલ છે અને તેમણે તેઓની માગણીનાં નિવેદનમાં જણાવ્યા પ્રમાણે તેઓ સામાવાળામાં ઘણાં લાંબા સમયથી ફરજ બજાવે છે. તેમણે યુનીયન મારફતે તા. ૨૬–૧૧–૨૦૦૮ નાં રોજ ડીમાન્ડ નોટીસ આપેલ છે, અને તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે તેઓની ડ્રાઈવર તરીકેની નોકરીમાં દાખલ થયા તારીખ ૩૧–૯–૯૭ દર્શાવેલ છે તે સંજોગોમાં તેમને તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રેહેશે તેમ અમારું નમ્રપણે માનવાનું થાય છે અને તેમને તેમની નોકરીમાં દાખલ તારીખથી કાયમી કરવામાં આવે તો, નોકરીમાં દાખલ થયા તારીખથી એવોર્ડ તારીખ સુધીનાં એરીયર્સ બાબત જોઈએ આ કેસમાં અરજદાર તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી એવોર્ડ તારીખ સુધીનાં સમયગાળાની કોઈ એરીયર્સની રકમ મેળવવા અરજદાર હકકદાર થશે નહિ તેમ ઠરાવી આપવાનો હુકમ કરવા અને અરજદારને એવોર્ડ તારીખથી કાયમી કર્મચારીઓને મળતાં તમામ લાભો સામાવાળા ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ અમારું નમ્રપણે માનવાનું થાય છે, અને બંને પક્ષે ન્યાયની સમતુલા જળવાઈ રહેશે, અને તેમને નોકરીમાં કાયમી કર્યા તારીખથી એવોર્ડ તારીખ સુધીનાં સમયગાળાની તેમની નોકરી નોશનલ ગણવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ અમારું નમ્રપણે માનવાનું થાય છે અને તેઓની નિવૃત્તિનાં લાભો માટે તેમજ સીનીયોરીટી, બઢતી, ગ્રેચ્યુઈટી વગેરેનાં તમામ લાભો માટે તેમની દાખલ તારીખ તા. ૩૧–૯–૧૯૯૭ ની ગણવાની રહેશે તે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ અમારું નમ્રપણે માનવાનું થાય છે તે રીતે આ તમામ મુદ્દાઓનો જવાબ તે પ્રમાણે આપવામાં આવે છે.

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR

૨૭. <u>મુદ્દા નં. ૧૩ :</u>

ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૧૨ માં ચર્ચા કર્યા પ્રમાણે તથા આ કેસની તમામ હકીકતો લક્ષમાં લઈ નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :–

**હુકમ**

૧. અરજદાર અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાનો આ રેફરન્સ આઈ.ટી. નં. ૨૪/૨૦૦૯ આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

૨. પ્રથમ પક્ષકાર સંસ્થાને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, તેમણે આ એવોર્ડ પ્રસિધ્ધ થયાની તારીખથી છ માસમાં પંપમેન/ વાલ્વમેન કક્ષાની નવી જગ્યા ઉભી કરવા માટે યોગ્ય ફોરમ સમક્ષ આ એવોર્ડનો સંદર્ભ ટાંકી, દરખાસ્ત કરી જગ્યા મંજૂર કરાવવી અને તે જગ્યા ઉપર અરજદાર અતુલભાઈ જેરામભાઈ ચુડાસમાને તા. ૩૧–૯–૧૯૯૭ થી વાલ્વમેન તરીકે કાયમી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે, અને આ એવોર્ડની તારીખથી કાયમીનાં તમામ લાભો મેળવવા તેઓ હકકદાર થાય છે તે મુજબનો હુકમ કરવામાં આવે છે અને તા. ૩૧–૯–૧૯૯૭ થી એવોર્ડ તારીખ સુધીનો સમયગાળો નોશનલ ગણવાનો રહેશે અને તે સમયગાળાની કોઈ એરીયર્સની રકમ મેળવવા અરજદાર હકકદાર થશે નહિ તેવો હુકમ કરવામાં આવે છે, પરંતુ તેમની સીનીયોરીટી, બઢતી, નિવૃત્તિનાં લાભો ગ્રેચ્યુઈટી વગેરે માટે તેમની દાખલ થયાની તા. ૩૧–૯–૧૯૯૭ ની ગણવાની રહેશે તે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૩. આ એવોર્ડનો અમલ આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિવસ–૩૦ માં બંને પક્ષકારોએ કરવાનો રહેશે.

૪. ખર્ચ અંગે કાંઈપણ હુકમ કરવામાં આવતો નથી.

Dated: 29/11/2021.
Place : BHAVNAGAR

GIRISHKUMAR RAMESHCHANDRA SONI
INDUSTRIAL TRIBUNAL, GUJARAT,
BHAVNAGAR.
JUDGE CODE GJ-00642

INDUSTRIAL TRIBUNAL BHAVNAGAR